**રે.દી.મુ.નં.૧૪૫/૨૩ ના કામે આંક–૦૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ ::–**

*વાદી તરફે વિ.વ.શ્રી જે.જે. શાહ*

*પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એ.એ.સુંદરીયા*

---

૧. વાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. અરજીની હકીકત તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. વાદી તરફે આંક–૧૭ થી રજૂ રાખેલ લેખીત દલીલો અને પ્રતિવાદી તરફે આંક–૨૦ થી રજૂ રાખેલ લેખીત દલીલો વંચાણે લીધી.

૨.૧ વાદીની આંક–૫ ની અરજીની ટૂંકી હકીકત એવી છે કે,ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે દહેગામના મોજે ગામ કડાદરાની સીમના બ્લોક/સર્વે નં.૮૯૯ ( જુનો બ્લોક/સર્વે નં.૭૯૧) ની ૧–૭૪–૮૧ હે.આરે.ચો.મી. આકાર રૂા.૫.૯૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી ૧–૫૧–૯૨ હે.આરે.ચો.મી. યાને ૧ ૫૧૯૨ ચોરસ મીટર જમીન પૈકી વાદીના હીસ્સાની ૦–૩૭–૯૮ હે.આરે.ચો.મી. વાળી જમીન કે જે હવે પછી આ દાવામાં દાવાવાળી મીલકત તરીકે સંબોધવામાં આવેલ છે.

૨.૨. સદર બ્લોક/સર્વે નં.૭૯૧ ની ૧–૭૪–૮૧ હે.આરે.ચો.મી. વાળી જમીન પૈકી ૧–૨૯–૦૩ હે.આરે.ચો.મી. વાળી જમીનના વાઘાજી માનાજી ઠાકોર, લક્ષ્મણજી કુલાજી ઠાકોર(૩) વિણાબેન મેલાજી ઠાકોરની વિધવાનાઓએ તેના જમીન માલીક જનાર્દનભાઈ ઈશ્વરભાઈ પટેલનાઓ પાસેથી તા.૨૬/૧૧/૨૦૦૫ ના રોજ અનુક્રમ નં.૧૨૪૬ ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ

અને તે અંગેની નોંધ નં.૪૨૭૨ રેવન્યું રેકર્ડમાં પાડવામાં આવેલી અને તે મંજૂર થયેલી અને ત્યારબાદ ઉપરોકત વેચાણ લેનારાઓ પૈકી વાઘાજી માનાજીનું તા.૦૪/૦૧/૨૦૨૩ ના રોજ અવસાન થતા તેઓના વારસદાર તરીકે રઈબેન વાઘાજી ઠાકોર, ભીખાજી વાઘાજી ઠાકોર, શકરાજી વાઘાજી ઠાકોર , મૈયત મઘીબેન વાઘાજી ઠાકોરના વારસ, પુનમજી ગોરઘનજી અને અલકાબેન ગોરઘનજી ઠાકોરના નામો સદર જમીનના રેવન્યું રેકર્ડમાં દાખલ થયેલા અને તે અંગે નોંઘ નં.૭૭૬૭ સદર જમીનના રેવન્યું રેકર્ડમાં પાડવામાં આવેલી અને જે મંજૂર થયેલ અને તે રીતે સદર જમીનમાં વાઘાજી માનાજી ઠાકોરના વારસદાર તેમના દીકરી મઘીબેન તે વાઘાજી ઠાકોરની દીકરી અને ગોરઘનજી ઠાકોરની પત્નીના વારસદાર તરીકે વાદીઓનો સદર જમીનમાં વણ વહેંચાયેલલો હકક, હીસ્સો આવેલ હતો અને છે  અને તે હકક, હીસ્સો સદર જમીનના કુલ ક્ષેત્રફળ પૈકી ૧–૫૧–૫૨ હે.આરે.ચો.મી. પૈકી વણવહેંચાયેલ ૦–૩૭–૯ ૮ હે.આરે.ચો.મી. વાળી જમીનના વાદીઓ કાયદેસરના માલીક અને કબજેદાર થયેલા અને તેમાં વાદીઓનો વણવહેંચાયેલો હકક, હીસ્સો આવેલ હતો અને છે અને આ કામના પ્રતિવાદી ભીખાજી વાઘાજી કે જે વાદીઓના સગા મામા થાય છે.

૨.૩ આ કામના પ્રતિવાદી કે જે વાદીના સગા મામા થાય છે અને તેથી તેઓની વાત ઉપર વિશ્વાસ અને ભરોસો હોય સદર જમીન અંગે બ્લોક વિભાજન કરવાનું કહેવાથી અને આ અંગે તેઓને ગેરરજૂઆતો કરી વાદીઓને આડુ અવળું સમજાવી કે હાલ જમીનનું વિભાજન કરવાનું હોવાથી અને તેમાં તમારી સહીઓની જરુર હોય તેઓની સહીઓ કરી આપવાની છે અને જો ન કરી આપે તો વાદીઓ કે જે પ્ર

તિવાદીઓના સગા ભાણા તથા ભાણી થાય છે તેઓને કોઈ હકક, હીસ્સો આપશે નહીં તેવી ધમકીઓ આપેલ અને વાદીઓ પાસેથી સદર જમીનનું બ્લોક વિભાજન કરવાનું છે તેવું જણાવી કેટલાક તૈયાર કરેલા કાગળો ઉપર સબ રજીસ્ટ્રાર ઓફીસમાં બોલાવી સહીઓ મેળવી લીધેલ અને જે અંગે વાદીઓ તપાસ કરતા વાદીની જાણમાં આવેલ કે આ કામના પ્રતિવાદીઓએ વાદીને આડુ અવળું સમજાવી અને ખોટી રજૂઆતો કરી તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ દહેગામ સબ રજીસ્ટ્રારશ્રી સમક્ષ એક બીનઅવેજી હકક રીલીઝનો દસ્તાવેજ કરાવી લીધેલ અને જે અનુક્રમ નં.૪૨૩૩ થી સબરજીસ્ટ્રારશ્રી સમક્ષ નોંધવામાં આવેલ છે. જયારે ખરી હકીકતે વાદીએ કયારેય પણ તેમની જમીનમાં હકક, હીસ્સો જતો કરેલ નથી કે હકક, હીસ્સો રીલીઝ કરેલ નથી કે વાદીને આ જમીન પરત્વેના તેમના હકક, હીસ્સા સંદર્ભે કોઈ અવેજ આપેલી નથી અને તેથી આ કામના પ્ર તિવાદીએ વાદી સમક્ષ ખોટી રજૂઆતો કરી બહેલાવી ફોસલાવીને તેમની પાસ ેથી સહીઓ મેળવી લીધેલ અને જે વાદીએ પ્રતિવાદીને તેઓ અને તેમના મામા થતા હોય તેઓને કરી આપેલ છે અને તેથી પ્રતિવાદી ખોટી અને ગેરકાયદેસર રીતે સદર બીન અવેજી હકક રીલીઝનો દસ્તાવેજ કરાવેલ છે અને તેથી તે રદ કરવા સારું વાદીને આ દાવો દાખલ કરવાની જરુરીયાત ઉપસ્થિત થયેલ છે. પ્ર તિવાદીએ વાદીને બહેલાવી ફોસલાવી રજૂઆતો અને વાતો કરેલ તે અંગેનો મોબાઈલ રેકોર્ડીગનો ઓડીયો છે જે જરુર પડે તેની સી.ડી. બનાવી રજૂ કરશે. સદર કહેવાતા બીન અવેજી હકક રીલીઝના દસ્તાવેજની નોંધ સદર જમીનના રેવન્યું રેકર્ડમાં નોંધ નં. ૭૯૭૭ થી પાડવામાં આવેલ છે અને તેની વિરુઘ્ધ તેઓએ વાંધા અરજી રજૂ કેરલ છે. જે અંગે તકરારી કેસ નં.૬૦૫/૨૦૨૩ પ્રાંત અધિકારી

સાહેબશ્રી સમક્ષ પેન્ડીંગ છે. પ્રતિવાદીએ તેમની અન્ય જમીન કે જે મોજે ગામ નિકોલમાં પણ આવેલ છે તેમાંથી પણ આજ રીતે હકક રીલીઝનો દસ્તાવેજ કરાવી હકક કમી કરાવેલ છે. જે અંગે પણ વાદી યોગ્ય કાર્યવાહી કરવાના છે. પ્રતિવાદી ધ્વારા ખોટી અને ગેરકાયદેસર રીતે વાદીઓની વડીલોપાર્જીત જમીનમાંથી તેમનો હકક, હીસ્સો કમી કરાવેલ છે અને તેની નોંધો પડાવેલ છે કે જે પ્રમાણે કરવાનો તેઓને કોઈ હકક કે અધિકાર નથી અને વાદીએ કયારેય પણ તેમની જમીનમાંથી તેમનો હકક, હીસ્સો જતો કરેલ નથી કે તે અંગેના કોઈ લખાણો કરેલ નથી કે વાદીઓને કોઈ અવેજની રકમ પણ ચુકવવામાં આવેલ નથી અને તેથી આ કામના પ્રતિવાદી ધ્વારા જે બીનઅવેજી હકક રીલીઝનો દસ્તાવેજ કરાવેલ છે તે ખોટો, ગેરકાયદેસરનો , રદ બાતલ અને અને એબઈનીસીઓ વોઈડ છે અને તે કરાવનો તેઓને કોઈ હકક કે અધિકાર નથી અને તે દસ્તાવેજ વાદીને ખોટી રજૂઆતો કરી ગેરમાર્ગે દોરી કરાવેલ છે.વળી વાદીઓએ દાવાવાળી જમીન બાબતે અગાઉ ત્રાહીતની તરફેણમાં બાનાખતનો કરાર કરી આપેલ છે અને વેચાણ આપેલ છે. આથી પ્રતિવાદીની તરફેણમાં હકક રીલીઝનો દસ્તાવેજનો દસ્તાવેજ કરી આપવાનો પ્રશ્ન અસ્થાને છે. જેથી પણ વાદીને બંધનકર્તા નથી અને તેથી તે રદ ઠરાવવા સારું વાદીએ આ દાવો દાખલ કરેલ છે અને હાલની અરજી થકી દાવામાં નીચે મુજબની દાદ માંગેલ છે.

(એ) ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે દહેગામના મોજે ગામ કડાદરાની સીમના બ્લોક/સર્વે નં.૮૯૯ ( જુનો બ્લોક/સર્વે નં.૭૯૧) ની ૧–૭૪–૮૧ હે.આરે.ચો.મી. આકાર રૂા.પ.૯૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી ૧ –૫૧–૯૨ હે.આરે.ચો.મી. યાને ૧૫૧૯૨ ચોરસ મીટર જમીન પૈકી વાદીના

હીસ્સાની ૦–૩૭–૯૮ હે.આરે.ચો.મી. વાળી જમીન જેનું વર્ણન દાવા અરજીના પેરા–૧ માં કરેલ છે તે આ કામના પ્રતિવાદી કે તેમના માણસો નોકરો, એજન્ટો, ઈત્યાદી તમામ વેચાણ, ગીરો, બક્ષીસ કરે કરાવે નહીં કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહીં કે વાદીના હકક અને હીત વિરુધ્ધ વર્તન કરે–કરાવે નહીં કે અમારા કબજા ભોગવટામાં દખલગીરી કરે–કરાવે નહીં તેવો વાદીઓના લાભમાં અને પ્રતિવાદી વિરુધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ આપશોજી.

(બી) આ મનાઈ અરજીનો તમામ ખર્ચ આ કામના પ્રતિવાદીઓ પાસેથી અપાવશોજી.

(સી) આ મનાઈ અરજીની હકીકતો જોતાં નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તે તમામ દાદ અપાવશોજી.

૩.૧ હાલ ની અરજીનો સમન્સ પ્રતિવાદીને ધોરણસર રીતે બજી જતાં પ્રતિવાદી તેમના વકીલ મારફતે હાજર થયેલ છે અને આંક–૧૨ થી દાવા તથા મનાઈ અરજીનો લેખીત જવાબ રજુ રાખેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીને આ અને આવા સ્વરૂપનો દાવો તથા મનાઈ અરજી પ્રતિવાદી વિરુધ્ધ કરવાનો કાયદેસરનો કોઈ લો કુલ ટાઈટલ નથી જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો તથા મનાઈ અરજીમાં વાદીએ નામ.અદાલત સમક્ષ સાચી અને મહત્વની હકીકતો અપ્રમાણીક ઈરાદો રાખી ખોટી અને બનાવટી હકીકતોવાળો દાવો તથા મનાઈ અરજી કરેલ હોય વાદી કાયદાથી રક્ષણ મેળવવા કાયદેસર રીતે હકકદાર નથી. જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ થવાને પાત્ર છે. ખેતીની જમીન અંગે રજી.અનુ.નં.૪૨૩૩ થી સબ રજી.સાહેબશ્રી

રૂબરૂ ઓન કેમેરા કરી આપેલ છે અને તે દસ્તાવેજ આ કામના વાદીઓએ કરી આપેલ હોવાનું આ દાવામાં પાના નં.૩ પેરા–૩ માં સ્વીકારેલ છે. તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ દહેગામ સબ રજી.શ્રી સમક્ષ એક બીન અવેજી હકક રીલીઝનો દસ્તાવેજ કરાવી લીધેલ અને જે અનુ.નં.૪૨૩૩ થી સબ રજી. સમક્ષ નોંધવામાં આવેલ છે. જયારે ખરી હકીકતે વાદીએ કયારેય પણ આ જમીનમાંથી હકક હીસ્સો જતો કરેલ નથી કે વાદીએ આ જમીન પરત્વે તેમના હકક હીસ્સા સંદર્ભે કોઈ અવેજ આપેલ નથી અને તેથી આ કામના પ્રતિવાદી વાદી સમક્ષ ખોટી રજૂઆતો કરી બહેલાવી ફોસલાવી તેમની પાસેથી સહીઓ મેળવી લીધેલ અને જે સહીઓ વાદીએ પ્રતિવાદીને તેઓ વાદીના મામા થતા હોય તેઓએ કરી આપેલ છે. આમ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તો જયારે કોઈ પણ વ્યકિત દસ્તાવેજ અંગે કબુલાત કરતા હોય તેવા પુરાવાને વધુ પુરાવાની જરુર રહેતી નથી. આમ આ કામના વાદીઓએ એ હકીકતોનું રેવન્યું કોર્ટ સમક્ષ તથા નામ.દીવાની કોર્ટ સમક્ષ તેઓએ બીન અવેજી હકક રીલીઝના દસ્તાવેજોમાં સહી કરેલાનું જાતે સ્વીકારેલ કરેલ છે. જેથી વધુ પુરાવાની જરુર રહેતી નથી અને રજી. બીન અવેજીનો દસ્તાવેજ કે જે પબ્લીક ડોકયુમેન્ટ છે તે દસ્તાવેજ નહીં માનવાને કોઈ કારણ નથી. આમ આ કામના વાદીઓ બીન અવેજી દસ્તાવેજની તારીખથી દાવાવાળી મીલકતના માલીક રહેતા નથી. જેથી તેમના હીસ્સાની દાવાવાળી જમીન હોવાની હકીકત સદંતર ખોટી અને પાયા વિહોણી રોય રદ થવાને પાત્ર છે. આ કામના વાદીઓની જાણમાં અને પક્ષકારોની પરસ્પર સંમતીથી અને કોઈ પણ જાતના દબા દબાણ વિના સબ રજી. સાહેબશ્રી દહેગામની ઓફીસમાં રજી. બીનઅવેજી હકક

રીલીઝનો દસ્તાવેજ તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ અવેજ પેટે માતબર રકમ વાદી નં.૧ નાએ રૂા.૨૦,૦૦,૦૦૦/– તથા વાદી નં.૨ નાએ રૂા.૨૦,૦૦,૦૦૦/– તેમ કુલ રૂપિયા ચાલીસ લાખ પુરા સ્વીકારી રજી. બીન અવેજી દસ્તાવેજનો સ્ટેમ્પ રૂા.૧,૯૬,૦૦૦/– નો સંયુકત રીતે તા.૨૬/૦૪/૨૦૨૩ ના રોજ ખરીદ કરી ઓન કેમેરા સાહેદોની હાજરીમાં કરવામાં આવેલ છે અને તે વાદીઓની મુકત સંમતીથી કોઈના કોઈ પણ જાતના દાબ દબાણ વિના બીનકેફ હાલતમાં કરવામાં આવેલ છે અને જે હકીકતથી વાદીઓ સારી રીતે માહીતગાર છે. આમ છતાં નાણાં પડાવવાના ઈરાદાથી સાચી અને મહત્વની હકીકતો નામ.કોર્ટ સમક્ષ મટીરીયલ ઓફ સપ્રેશન કરી બીજી ખેતીના જમીનના પુરાવાઓ નામ.કોર્ટ સમક્ષ રજૂ કરી નામ.કોર્ટને મીસ ગાઈડ કરવાના ઈરાદાથી તેમજ નામ.કોર્ટના પ્રોસેસનો ઈરાદાપુર્વક દુરઉપયોગ કીર હાલનો દાવો તથા મનાઈ અરજી ખોટા દસ્તાવેજી પુરાવાના આધારે કરવામાં આવેલ છે. કારણ કે વાદીઓ જાણે છે કે તેઓએ રજી. બીન અવેજી હકક રીલીઝનો દસ્તાવેજ સબ રજી. સાહેબશ્રી દહેગામનાઓ સમક્ષ અનુ.નં.૪૨૩૩/૨૦૨૩ થી કરી આપેલ છે અને તે દસ્તાવેજ કરી આત્યાની તારીખથી દાવાવાળી મીલકત પરત્વે આ કામના વાદીઓનો કોઈ પણ જાતનો કાયદેસરનો લો કુલ ટાઈટલ નથી અને વાદીઓ કોઈ રીતે સફળ થાય તેમ નથી અને અગાઉ જણાવ્યા મુજબ કબુલાત જરુર નથી તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે. જેથી વાદીએ ખોટા પુરાવાના આધારે હાલનો દાવો તથા મનાઈ અરજી નામ.કોર્ટ સમક્ષ ખોટી હકીકતો જોડી કાઢી કરેલ છે.

૩.૨ તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ સબ રજી.સાહેબશ્રી દહેગામની સમક્ષ નોંધવામાં આવોલ બીન અવેજી હકક રીલીઝનો દસ્તાવેજ ઓન કેમેરા નોંધવામાં આવેલ

છે અને તેમાં વાદીને સબ રજી.સાહેબશ્રી દહેગામનાઓએ સદર હકીકતની પુષ્ટિ કરવા માટે તેઓને ઓન કેમેરા પુછવામાં આવે છે કે, તમોએ રજૂ કરેલ દસ્તાવેજ તમોએ કરી આપેલ છે ને તે દસ્તાવેજની વિગત ઓન કેમેરા પુછપરછ કરવામાં આવેલ છે અને તેનું રેકોર્ડીંગ પણ કરવામાં આવે છે. જેથી અરજદારે તે કહેવાતું મોબાઈલ અંગેનો ઓડીઓ કે સી.ડી.ની હકીકત ખોટી અને બનાવટી ઉભી કરેલ હોવાનું માનવાને પુરતા અને વ્યાજબી કારણ છે. કારણ કે સબ રજી.સાહેબશ્રીની કચેરીમાં થયેલ ઓન કેમેરા રેકોર્ડીંગને નહીં માનવાને કોઈ કારણ નથી અને આમ આ કામના વાદીઓએ તેમના સગપણનો ગેરલાભ લેવા સારું આ જાતની પ્ર વૃત્તિઓ કરેલ છે. પરંતુ તેમાં તેઓ કોઈ પણ રીતે સફળ થાય તેવા પુરાતા અને વ્યાજબી કારણો નથી અને આ કામે કાયદાના પ્રશ્નો સમાયેલ છે અને કાયદો કાયદેસરની પ્રક્રિયાને બહાર રાખેલ છે. જેથી સદર પેરામાં જણાવેલ હકીકતો માનવાનો કોઈ સબળ અને વ્યાજબી કારણ ન હોય વાદીની પેરા–૩ ની હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ હોય તેઓ ઈન્કાર કરે છે. સબ રજી.સાહેબશ્રી દહેગામની સમક્ષ કરવામાં આવેલ નોંધણી બીન અવેજી હકક રીલીઝનો દસ્તાવેજ અનુ.નં.૪૨૩૩ માં જણાવેલ હકીકતો ઓન કેમેરા સબ–રજી.શ્રીની હાજરીમાં તથા સાહેદોની હાજરીમાં કરવામાં આવેલ છે અને તે દસ્તવોજ કાયદેસરનો દસ્તાવેજ છે અને તે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈઓ મુજબ તથા ઈન્ડીયન રજી.એકટની જોગવાઈઓનો આવેલ છે અને તે દસ્તાવેજમાં આ કામના વાદીઓએ પોતાની સહીઓ કરેલ હોવાનું પોતે જાતે સ્વીકારેલ છે. જેથી આવા રજી. થયેલા દસ્તાવેજો વિરુધ્ધ જો આ જાતના ખોટી હકીકતવાળા દાવા દુવી કરવામાં આવે તો બીન જરુરી લીટીગેશનો વધે તેમ છે તેમજ સમય તેમજ નાણાંનો

પણ દુરવ્યય થાય તેમ છે અને આ આ કામના વાદીએ ખોટી હકીકતોવાળો દાવો માત્ર નાણા પડાવવાના ઈરાદાથી કરેલ છે. પરંતુ તેમાં વાદીનું કાંઈ વળી શકે તેમ નથી. વળી વાદીએ હાલના દાવાનો આંક–૩૦૦ નો બાંધેલ છે ખરી હકીકતે હકક રીલીઝનો દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો તેમાં ૪૦,૦૦,૦૦૦/– મુજબ થતો દસ્તાવેજ વાપરવાનો થાય છે. જે વાદીએ વાપરેલ નથી. આમ વાદીએ અધુરા કોર્ટ ફી સ્ટેમ્પ ઉપર હાલનો દાવો દાખલ કરેલ છે તથા વાદીના દાવાને નામ.અદાલતની હકુમતનો પણ બાધ છે. જેથી પણ વાદીનો દાવો તથા મનાઈ અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય રદ બાતલ કરવા અરજ કરેલ છે.

૩.૩ વાદીએ દાવા અરજીમાં માંગેલ દાદ વંચાણે લેવામાં આવે તો વાદીએ દાવા અરજી તથા મનાઈ અરજીમાં એક જ સ્વરૂપની દાદ માંગેલ છે. જેથી જો વાદીની દાવા અરજી પેરા–૮–સી તથા મનાઈ અરજીના પેરા–૮–એ માં માંગેલ દાદ જો મંજૂર કરવામાં આવે તો દાવો ચાલતા પહેલા અને પુરાવા લેતા પહેલા એકતરફી હુકમનામું થઈ જાય તેમ છે. જેથી પણ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ દાવા અરજી તથા મનાઈ અરજી એક જ સ્વરૂપની દાદ માંગવામાં આવેલ હોય તેવા કીસ્સામાં આવી દાદ કાયદેસર રીતે મંજૂર થઈ શકે નહીં તેવું નામ.અદાલતને વિનમ્ર પણ જણાવેલ છે. જેથી પણ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાં માંગેલ દાદો વાદી માંગવા કે મેળવવા હકકદાર નથી. જેથી વાદીની દાવ અરજી તથા મનાઈ અરજીમાં માંગેલ દાદો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

૪. પ્રતિવાદીએ રજૂ રાખેલ જવાબ વિરુઘ્ધ વાદીઓ ઘ્વારા આંક–૧૪ થી રીજોઈન્ડર એફીડેવીટ રજૂ રાખી દાવા તથા મનાઈ અરજીમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે.

૫. વાદીની સદરહું આંક–૫ ની અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ::–**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની સંભાવના છે ?

૪. શું હુકમ

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. નકારાત્મક.

૩. નકારાત્મક.

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના જવાબ માટેના આ કોર્ટના કારણો નીચે મુજબ છે.

***<u>મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા :-</u>***

પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

૭. આ કામે વાદી એ હાલ નો દાવો દાવાવાળી જમીન સબંધે તેઓ એ પ્રતિવાદી ની તરફેણ માં તારીખ ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ નો રજી. રીલીઝ ડીડ નંબર ૪૨૩૩ રદબાલત ઠરાવવા અને અન્ય અનુસાંગીક દાદ મેળવવા માટે કર્યો છે. વાદી એ હાલ ની અરજી માં દાવાવાળી જમીન ઉપર પોતાનો કાયદેસર નો કબ્જો હોવાનું જણાવી અને તેમાં પ્રવેશ કરતા કે વાદી ના કબ્જા માં દખલ-અડચણ કરતા પ્રતિવાદી ને અટકાવવા તેમન ચાલુ દાવા દરમ્યાન પ્રતિવાદી દાવાવાળી વાદગ્રસ્ત જમીન અન્ય કોઈ ની તરફેણ માં વેચાણ, ગીરો બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે હસ્તાંતર કરે નહી તે મતલબ ની દાદ હાલ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી માં કરી છે. નામ. હાઈકોર્ટ તથા નામ. સુપ્રીમ કોર્ટ ના ચુકાદાઓ માં ઠરાવેલ છે કે મનાઈ હુકમ ની અરજી નો નિર્ણય કરતી વખતે કોર્ટે જે ત્રણ સિધ્ધાંતો ધ્યાને લેવાના હોય છે તેમાં (૧) પ્રથમદર્શનીય કેસ, (૨) સગવડતા અગવડતા ની સમતુલા (૩) કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણા માં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા નું સંભવ હોય. ઉપરોકત ત્રણ સિધ્ધાંતો ઉપરાંત કોઈ પણ કેસ માં મનાઈ હુકમ આપવો કે નહી તે કેસ ના સંજોગો અને કોર્ટ ની વિવેકાધીન સત્તા હોય, કોર્ટે મનાઈ હુકમ માગવા આવનાર પક્ષકાર ની વર્તણુંક તથા દાવો દાખલ કરવામાં તેણે દાખવેલ ઢીલ જેવા પરીબળો પર ધ્યાને લેવા જોઈએ.

૮. ઉપરોકત સર્વસ્વીકૃત કાનુની પરીસ્થિતી ને હાલ ના દાવા ના સંજોગો સાથે મુલવવામાં આવે તો દાવાવાળી જમીન કડાદરા ગામે સર્વે નંબર ૮૯૯ હે.આરે.ચો.મી.૧–૭૪–૮૧ થી આવી છે. આ આખી જમીન દાવાના પક્ષકારો ની વડીલોપાર્જીત જમીન છે જેમાં વાદીઓ ના માતા મધીબેન વાઘાજી ઠાકોર તથા પ્ર તિવાદી નું નામ દાખલ કરવામાં આવ્યું હતું અને વાદીઓ ના માતા ના અવશાન બાદ વાદી ઓ નું નામ તે જમીન માં દાખલ કરવામાં આવ્યું હતું. તે રીતે વાદીઓ તથા પ્રતિવાદી ઓ મામા ભાણેજ નો સબંધ ધરાવે છે. વાદીઓ ના કેસ મુજબ તેઓન નો આખી જમીન માં થી ૦–૩૭–૯૮ જેટલો અવીભાજય હિસ્સો છે. વાદીઓ ના કેસ મુજબ તેઓ એ પ્રતિવાદી ની તરફેણ માં કરી આપેલ તારીખ ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ નો રજી. રીલીઝ ડીડ નંબર ૪૨૩૩ છળકપટ થી કરાવી લેવામાં આવ્યો હોય અને તેઓ ને હકક જતો કરવા પેટે અવેજ ની કોઈ રકમ પ્રાપ્ત થઈ ન હોય તેથી આ દસ્તાવેજ ચેલેન્જ કરવામાં આવ્યો છે. વાદી એ આ દસ્તાવેજ માર્ક ૩/૨ થી રજુ કરેલ છે. વાદી વકીલ શ્રી એ પોતાની દલીલ માં એમ જણાવેલ છે કે દસ્તાવેજ ના પાના નંબર ૫ એમ જણાવ્યું છે કે નોંધ નંબર ૭૮૬૭ પ્રમાણીત થઈ ગઈ છે પરંતુ દસ્તાવેજ ના પાના નંબર ૨૦ જોવામાં આવે તો દસ્તાવેજ ની તારીખ એ સદર નોંધ કાચી હતી. વાદી જે દસ્તાવેજ રદ કરાવવા માટે હાલ નો દાવો લઈ ને આવ્યા છે તે દસ્તાવેજ રજી. દસ્તાવેજ છે જે દહેગામ સબ–રજીસ્ટ્રાર કચેરી માં ધોરણસર રીતે નોંધાયેલ દસ્તાવેજ છે. દસ્તાવેજ ના પાના નંબર ૨૮ માં વાદીઓ એ પ્રતિવાદી ની તરફેણ માં ફારગતી લેખ કરી આપ્યા નું કબુલ રાખ્યું છે. તેઓ એ આ કબુલાત માં એમ પણ જણાવેલ છે કે તેઓ ને આ ફારગતી બદલ કોઈ અવેજ ની રકમ મળી નથી. આમ જયારે વાદીઓ એ જયારે પ્ર

તિવાદી ની તરફેણ માં રીલીઝ ડીડ કરી આપ્યા ની કબુલાત સબ–રજી. સમક્ષ આપી હોય તો પ્રથમ દ્રષ્ટી એ આવા રજીસ્ટ્રેશન એકટ મુબજ નોંધાયેલા દસ્તાવેજ ને ખોટો માની શકાય નહી. રજી. દસ્તાવેજ બાબતે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા Rattan Singh, Inder Pal Singh v/s Nirmal Gill (Civil Appeal no. 3681/2020) ના ચુકાદા માં રજી. વેચાણ દસ્તાવેજ સબંધે તેવું ઠરાવેલ છે કે તે જયાં સુધી ખોટું ન ઠરે ત્યાં સુધી સાચુ માનવું જોઈએ જે ચુકાદાનો રેલેવન્ટ પેરા નીચે મુજબ છે.

> (32) ….. The record reveals that the disputed documents are registered. We are, therefore, guided by the settled legal principle that a document is presumed to be genuine if the same is registered, as held by this Court in Prem Singh and Ors. v. Birbal and Ors., (2006) 5 SCC 353.

ઉપરોકત ચુકાદા માં રજી. દસ્તાવેજ બાબતે ઠરાવેલ કાયદાકીય સીધ્ધાંત મુજબ આ કામે પણ વાદીઓ એ પ્રતિવાદી ની તરફેણ માં કરી આપેલ રજી. દસ્તાવેજ યોગ્ય હોવાનું માનવા નું રહે છે.

૯. વધુ માં આ કામે વાદી ના વિ. વ. શ્રી એ એવી દલીલ કરી છે કે વાદીઓ એ પ્રતિવાદી એ ખોટી રીતે દસ્તાવેજ કરાવી લીધો હોય તેથી આ દસ્તાવેજ ના આધારે વાદીઓ નું નામ રેવેન્યુ રેકોર્ડ માં થી કમી કરવા અંગે તેઓ એ તારીખ ૧૯/૦૬/૨૦૨૩ ના રોજ પ્રાંત અધીકારી ને વાંધા અરજી આપી હતી. સદર અરજી વાદી એ માર્ક ૩/૩ થી રજુ કરેલ છે. જે જોતા વાદી એ પ્રતિવાદી

ઓ ની તરફેણ ની નોંધ નંબર ૭૯૭૭ પ્રમાણીત થવા સામે આપેલ વાંધા અરજી છે. જેમાં વાદીઓ એ જણાવેલ છે કે પ્રતિવાદી ઓ એ બ્લોક વિભાજન કરાવવાનું કહી અને ધાક ધમકી આપી અને રજી. દસ્તાવેજ કરાવી લીધો છે. પરંતુ વાદી એ આવી ધાક ધમકી સબંધે પ્રતિવાદી સામે કોઈ ફોજદારી કાર્યવાહી કરી હોય તે બતાવતો કોઈ પુરાવો રજુ કરવામાં આવ્યો નથી. વધુ માં દસ્તાવેજ ધાક ધમકી થી કરાવી લેવામાં અને દસ્તાવેજ ફ્રોડ અથવા મીસ–રીપ્રેઝન્ટેશન થી કરાવી લેવામાં તફાવત છે. વાદીઓ એ રજુ કરેલ માર્ક ૩/૩ વાળી વાંધા અરજી પ્ર માણે તેઓ એ આ બન્ને મુદદાઓ ઉપર વાંધા લીધા છે. જે હકિકત પણ વાદી ઓ ની વિરૂધ્ધ માં જાય છે.

૧૦. વધુ માં પ્રતિવાદી એ રજુ કરેલા માર્ક ૨૩/૧ વાળો દસ્તાવેજ જોતા તેવું ફલીત થાય છે કે વાદીઓ એ પ્રતિવાદી ની તરફેણ માં કરી આપેલ રીલીઝ ડીડ ના આધારે પ્ર તિવાદી એ રેવેન્યુ રેકોર્ડ માં પોતાનું નામ દાખલ કરવા માટે ની નોંધ નંબર ૭૯૭૭ સામે વાદીઓ એ વાંધા અરજી આપતા પ્રાંત અધીકારી સમક્ષ તકરારી કેસ નંબર ૬૦૫/૨૩ ચાલી જતા તેઓ એ વાદી ની વાંધા અરજી અમાન્ય રાખી અને નોંધ નંબર ૭૯૭૭ પ્રમાણીત કરવા હુકમ કરેલ છે.

૧૧. આ ઉપરાંત વાદી વકીલ શ્રી એ એવી દલીલ કરી છે કે પ્રતિવાદી એ તેના દાવા જવાબ માં જે હકિકતો જણાવી છે તે દસ્તાવેજ થી વિરૂધ્ધ ની છે. દાવા જવાબ માં પ્ર તિવાદી એમ જણાવે છે કે તેઓ એ પ્રત્યેક વાદી ને દાવાવાળી જમીન માં થી પોતાનો હકક જતો કરવા પેટે રૂા. ૨૦,૦૦,૦૦૦/– આપેલ છે. જે બાબતે તેઓ એ માર્ક ૧૩/૧ અને ૧૩/૨ થી તારીખ ૧૭/૦૫/૨૦૨૩ ના વાદીઓ ની સહી વાળા વાઉચર રજુ કરેલ છે. પરંતુ દસ્તાવેજ જોતા તે દસ્તાવેજ બીન અવેજી છે. જો

પ્રતિવાદી એ વાદીઓ ને દસ્તાવેજ ના ૨ દીવસ અગાઉ અવેજ ની રકમ ચુકવી આપી હોય તો દસ્તાવેજ બીન અવેજી બતાવવાનું કોઈ કારણ ન હતું. જે બતાવે છે કે પ્ર તિવાદી એ વાદી સાથે છેતરપીંડી કરી અને બ્લોક વિભાજન ના નામે દસ્તાવેજ કરાવી લીધો છે. એક વખત વાદી વકીલ શ્રી ની ઉપરોકત દલીલ માની પણ લેવામાં આવે તો જયારે વાદીઓ એ સબ–રજી. શ્રી રૂબરૂ માં પ્રતિવાદી ની તરફેણ નું રીલીઝ ડીડ કરી આપ્યા નું સ્વીકારેલ હોય તો પક્ષકારો વચ્ચે અવેજ ની તકરાર હોવા માત્ર થી રજી. દસ્તાવેજ ને ન માનવા માટે નું કોઈ કારણ નથી. વાદીઓ એ રજી. દસ્તાવેજ ના આધારે દાવાવાળી મિલ્કત ઉપર નો પોતાનો અવીભાજય હિસ્સો ટ્રાન્સ્ફર કર્યો હોય અને તે રીતે પ્રતિવાદી ની તરફેણ માં હકક જતો કર્યો હોય તો અવેજ સબંધે ની તકરાર ને ધ્યાને લઈ અને પ્રતિવાદી ના હકક ને નુકશાન પહોંચાડી શકાય નહી.

૧૨. વાદી વકીલ શ્રી એ એવી પણ દલીલ કરી છે કે વાદીઓ પ્રતિવાદી ના ભાણેજ થતા હોય તેથી સામાન્ય રીતે મામા ભાણેજ ને કોઈ મિલ્કત આપે પરંતુ આ કિસ્સા માં ભાણેજો એ મામા ની તરફેણ માં હકક જતો કરેલ છે. પક્ષકારો ની જ્ઞાતી માં આવો કોઈ કસ્ટમ નથી. વધુ માં એવી પણ દલીલ કરી છે કે દસ્તાવેજ સમયે વાદી નં. ૨ ની ઉંમર માત્ર ૧૯ વર્ષ ની હતી અને તે વય માં માણસ પોતાનું સારું–નરસું સમજી શકે તેમ ન હતા. ઉપરોકત દલીલ સબંધે આ કોર્ટ નું માનવું છે કે દસ્તાવેજ સમયે વાદી નં. ૨ પુખ્ત વય ના હતા અને પોતાની રીતે નીર્ણય લેવા સક્ષમ હતા. વધુ માં વાદી નં. ૧ ની વય ૩૩ વર્ષ ની છે અને વાદીઓ સગા ભાઈ બહેન છે. તેથી જો વાદી નં. ૨ દસ્તાવેજ કરવામાં કોઈ ભુલ કરતા હોય તો વાદી નં. ૧ ના એ તેમને કેમ ન રોકયા તે પણ એક સવાલ છે. કસ્ટમ સબંધે વાદી વકીલ શ્રી ની

દલીલ સબંધે આ કોર્ટ નું માનવું છે કે આ કેસ માં રીવાજ નો પ્રશ્ન નહી પણ બે પુખ્ત વય ના વ્યકિત ઓ એ બીજા પુખ્ત વય ની વ્યકતિ ની તરફેણ માં કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ થી મળતા હકક બાબત નો છે. હાલ ના કેસ માં જયારે વાદીઓ એ સબ–રજી. રૂબરૂ હાજર રહી અને દાવાવાળી જમીન માં થી પોતાનો અવીભાજય હિસ્સો પ્રતિવાદી ની તરફેણ માં જતો કરેલ હોય તો તેઓ જ્ઞાતી રીવાજ ના હોવાના કારણે કાયદા અનુસાર રજીસ્ટર થયેલ રીલીઝ ડીડ ને આ તબકકે અવગણી શકાય નહી.

૧૩. વાદી વકીલ શ્રી એ પોતાની દલીલ માં માર્ક ૩/૪ વાળા દસ્તાવેજો ઉપર આધાર રાખી અને દલીલ કરી છે કે પ્રતિવાદી ની દાનત વાદી પાસેથી અન્ય જમીનો પણ આવા ખોટા દસ્તાવેજ ના આધારે પડાવી લેવાની હતી. આ દસ્તવોજો જોતા તે નીકોલ ગામની સર્વે નંબર ૨૮/૧ સબંધે ના છે. જેમાં જમીન સબંધે પક્ષકારો વચ્ચે વીવાદ ચાલતો હોવાનું જણાય છે. પરંતુ તે દસ્તાવેજો ધ્યાને લેતા તેમાં વાદીઓ એ પ્રતિવાદી ની તરફેણ માં અન–રજી. એગ્રીમેન્ટ થી તે જમીન માં થી પોતાનો હકક જતો કર્યો હતો. જયારે હાથ ઉપર ના કેસ માં વાદીઓ એ રજી. દસ્તાવેજ થી દાવાવાળી જમીન માં થી પોતાનો હકક જતો કર્યો હોય તે જોતા પક્ષકારો વચ્ચે અન્ય જમીન નો વીવાદ ચાલતો હોવાના કારણ થી હાલ ના તબકકે પ્રતિવાદી ની તરફેણ માં રજી. દસ્તાવેજ થી ઉદભવેલા હકકો ને ડીસ્ટર્બ કરી શકાય નહી.

૧૪. વાદી વકીલ શ્રી એ પોતાની દલીલ માં વાદી અને પ્રતિવાદી વચ્ચે થયેલી વાતચીત ની સી.ડી. માર્ક ૧૬/૧ ઉપર આધાર રાખ્યો છે અને જણાવેલ છે કે આ સી.ડી. માં થયેલ વાતચીત થી સ્પષ્ટ થાય છે કે પ્રતિવાદી એ વાદી ઓ સાથે છેતરપીંડી કરી

અને દસ્તાવેજ કરાવી લીધો છે. આ રેકોર્ડીંગ તારીખ ૨૦/૦૬/૨૦૨૩ નું એટલે કે દસ્તાવેજ પછી ની તારીખ નું છે અને તે પહેલા જ વાદી ઓ એ તારીખ ૧૯/૦૬/૨૩ ના રોજ પ્રાંત કચેરી માં હકક કમી ની નોંધ નંબર ૭૯૭૭ સામે વાંધા અરજી આપી દીધી હોય જેમાં પણ વાદી એ પ્રતિવાદી સામે છેતરપીંડી કરી અને દસ્તાવેજ કરાવી લીધા નું જણાવેલ હોય તે જોતા હાલ ના તબકકે ઉપરોકત સી.ડી. ની વાતચીત ના આધારે વાદી ની તરફેણ માં કોઈ રીલીફ આપી શકાય તેમ નથી.

૧૫. વાદી એક તરફ એમ કહે છે કે તેઓ ને દાવાવાળી જમીન માં થી પોતાનો હકક ઉઠાવી લેવાની કોઈ જરૂરીયાત નથી જયારે બીજી તરફ દાવા અરજી માં તથા લેખીત દલીલ માં સ્વીકારે છે કે તેઓ એ દાવાવાળી જમીન માં પોતાના વણવહેચાયેલા હિસ્સા સબંધે પરેશભાઈ શંભુભાઈ પટેલ સાથે બાના કરાર કરેલ છે. તે રીતે વાદી ના કથનો એક બીજ ાથી વિરોધાભાસી છે.

૧૬. વાદી એ હાલ ની અરજી માં એક દાદ એવી પણ માંગી છે કે દાવાવાળી જમીન માં તેના કબ્જા માં પ્રતિવાદી કોઈ અડચણ કરે નહી કે કબ્જો છીનવી ન લે તેવો દાવા ના આખરી નીકાલ સુધી મનાઈ હુકમ આપવો જોઈએ. પરંતુ જયારે માર્ક ૩/૨ વાળા રીલીઝ ડીડ માં જ તેમ જણાવેલ હોય કે વાદીઓ એ પોતાના ભાગ નો કબ્જો પ્ર તિવાદી ઓ ને સુપ્રત કરી આપેલ છે તો રજી. દસ્તાવેજ માં જણાવેલ કથનો થી વિરૂધ્ધ જઈ અને આ તબકકે વાદી એ માંગ્યા મુજબ ની દાદ આપી શકાય તેમ નથી.

૧૭. આ કામે વાદીઓ એ હાલ ની અરજી માં પ્રતિવાદી દાવાવાળી જમીન અન્ય ની તરફેણ માં વેચાણ કરી દેશે તો વાદીઓ એ અન્ય લીટીગેશન માં ઉતરવું પડશે તેવો ભય ઉપસ્થીત કરેલ છે. પરંતુ ટ્રાન્સ્ફર ઓફ પ્રોપર્ટી એકટ ની કલમ–પર મુજબ

જયારે કોઈ પણ વ્યકિત ચાલુ દાવાએ દાવાવાળી મિલ્કત ખરીદ કરે તો દાવા માં આવેલ હુકમનામું તેને બંધનકર્તા રહેશે તેવો પ્રસ્થાપીત કાનુની સીધ્ધાંત છે. જેથી વાદીઓ નો ઉપરોકત ભય પણ અસ્થાને છે.

૧૮. ઉપરોકત તમામ કારણો ને નજર સમક્ષ રાખવામાં આવે તો વાદીઓ એ જયારે પોતે જ દાવાવાળી જમીન માં થી રજી. રીલીઝ ડીડ ના આધારે પોતાનો હકક જતો કરેલ છે. પ્રતિવાદી નો વાદગ્રસ્ત જમીન માં હકક એક રજી. ડીડ ના આધારે ઉભો થયો છે. તે જોતા વાદી નો પ્રથમ દર્શનીય કેસ નથી. રજી. દસ્તાવેજ માં ઉલ્લેખ મુજબ વાદીઓ એ જ પોતાના ભાગ ની જમીન નો કબ્જો પ્રતિવાદી ને સોંપી આપેલ છે તે જોતા તેથી જો પ્રતિવાદી ને દાવાવાળી જમીન માં ખેતી કામ કરતા અટકાવવામાં આવે અથવા તે જમીન માં પ્રવેશ કરતા અટકાવવામાં આવે તો પ્રતિવાદી ને રજી. ઈન્સ્ટ્રુમેન્ટ હેઠળ મળેલા હકક ઉપર તરાપ માર્યા સમાન ગણાશે અને તે રીતે સગવડતા અગવડતા ની સમતુલા પણ પ્રતિવાદી ની તરફેણ માં છે. વધુ માં જો વાદી દાવા ના અંતે રજી. રીલીઝ ડીડ રદબાતલ ઠરાવવામાં સફળ થશે તો તેઓ ને દાવાવાળી જમીન માં પોતાનો હકક પરત પ્રાપ્ત થશે જયારે પ્રતિવાદી ને જો દાવાવાળી જમીન માં રહેલા પોતાના માલીકીપણા ના હકકો નો ઉપયોગ–ઉપભોગ કરતા અટકાવવામાં આવશે તો તેઓ ને નાણા માં ન માપી શકયા તેટલું નુકશાન જાય તેમ છે. તે રીતે વાદી એ હાલ ની અરજી માં મનાઈ હુકમ ની દાદ મેળવવા માટે ના કોઈ પણ આવશ્યક તત્વો પુરવાર કરેલ ન હોય ઉપરોકત તમામ કારણોસર વાદીઓ મનાઈ હુકમ મેળવવા માટેના બધા જ આવશ્યક તત્વો પોતાની તરફેણ માં હોવાનું પુરવાર કરવામાં સફળ રહયા હોય,

જેથી મુદ્દા નંબર – ૧ થી ૩ નો જવાબ હકારમાં ઠરાવી અને મુદ્દા નંબર–૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***–:: આખરી હુકમ ::–***

- વાદીની આંક–૫ ની અરજી મંજૂર કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદીઓએ દાવા અરજીના પેરા–૧ માં કરેલ છે તે આ કામના પ્રતિવાદી કે તેમના માણસો નોકરો, એજન્ટો, ઈત્યાદી તમામ વેચાણ, ગીરો, બક્ષીસ કરે કરાવે નહીં કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહીં કે વાદીના હકક અને હીત વિરુધ્ધ વર્તન કરે–કરાવે નહીં કે અમારા કબજા ભોગવટામાં દખલગીરી કરે–કરાવે નહીં તેવો વાદીઓના લાભમાં અને પ્રતિવાદી વિરુધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ આપશોજી.
- પક્ષકારો એ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

આજરોજ તા.૦૯ મી માહે જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:– દહેગામ**
**તા.૦૯/૦૧/૨૦૨૪**

(વી.પી.મહેતા)
**પ્રીન્સી. સીવીલ જજ, દહેગામ**
**UIC: GJ01538**